| ખરીફ બાજરીનું વધુ ઉત્પાદન મેળવવા માટેની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અપનાવો | |
|---|---|
| ઢેઢી કે. કે., રાઘવાણી કે. એલ. અને ડાંગરીયા સી. જે. | બાજરા સંશોધન કેન્દ્ત, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જામનગર |
| *કૃષિજીવન*, મે-૨૦૧૨ (૧૦): ૩-૬. | |

ધાન્ય પાકોમાં બાજરી ગુજરાતનો બીજા નંબરનો સૌથી અગત્યનો ધાન્ય પાક છે. રાજયમાં બાજરાનું વાવેતર લગભગ ૬ થી ૭ લાખ હેકટર ખરીફ ઋતુમાં અને ૧.૫ થી ૨.૦ લાખ હેકટર જેટલુ ઉનાળુ ઋતુમાં વાવેતર કરવામાં આવે છે. બાજરી બીજા ધાન્યપાકોની સરખામણીમા સૌથી વધારે દુષ્કાળની પરિસ્થિતિનો પ્રતિકાર કરી શકે તેમ છે અને તેથી જ તે રાજયના સુકા અને અર્ધ–સુકા વિસ્તારોમાં અન્ય પાકોની સરખામણીમાં સારું અને સ્થાયી ઉત્પાદન આપે છે. દેશમાં બાજરીના વાવેતર વિસ્તારની દૃષ્ટિએ ગુજરાત એ રાજસ્થાન અને મહારાષ્ટ્ર પછી ત્રીજા નંબરનું રાજય છે. ગુજરાત રાજયમાં હાલમાં મોટા ભાગના વિસ્તારોમાં હાઈબ્રીડ બાજરાનું વાવેતર થાય છે. હાઈબ્રીડ બાજરાનું દર વર્ષે નવું અને સર્ટીફાઈડ બિયારણ વાવેતરમાં ઉપયોગ લેવું જોઈએ. આપણા રાજયમાં ખેડૂતોના ખેતર પર બાજરી પાકનું હેકટર દીઠ સરેરાશ ઉત્પાદન સને ૧૯૬૦–૬૧ ના વર્ષ દરમ્યાન ફકત ૩૭૬ કિલોગ્રામ હતુ, જે સંકર બાજરીની વિવિધ નવી જાતો વિકસાવવાના પરિણામે રાજયનું સરેરાશ ઉત્પાદન ૧૧૦૦ કિલોગ્રામ પ્રતિ હેકટરે થવા પામેલ છે.

જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના જામનગર ખાતેના બાજરા સંશોધન કેન્દ દ્વારા, તાજેતરમાં બાજરીની નીચે મુજબની છ નવી સંકર જાતો સમગ્ર ગુજરાત રાજયમાં ખરીફ ઋતુમાં વાવેતર માટે બહાર પાડવામાં આવેલ છે.

***(૧) ગુજરાત હાયબ્રીડ બાજરા–૫૫૮ (જી.એચ.બી.–૫૫૮):–***

કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ મોડી પાકતી, દાણાનો આકર્ષક રંગ તથા આકાર ધરાવતી આ જાત સમગ્ર દેશમાં ખરીફ તેમજ ઉનાળુ વાવેતર માટે બહાર પાડવામાં આવેલ છે. દાણાની સાથોસાથ સૂકાચારાનું વધારે ઉત્પાદન આપતી આ જાત વધુ વિસ્તારમાં સ્વીકૃતિ પામી અને સ્થાયી ઉત્પાદન આપે છે. ડૂંડા જાડા અને આકર્ષક દેખાવવાળા, સ્વાદિષ્ટ રોટલો અને ઉત્તમ પ્રકારનો ચારો આપતી આ જાત અખિલ ભારતીય ધોરણે ભારતના બાજરો ઉગાડતા દરેક રાજયમાં ખરીફ તેમજ ઉનાળુ ઋતુમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. રાષ્ટ્રિય કક્ષાએ અખિલ ભારતીય કક્ષાના ખરીફ અખતરાઓમાં જી.એચ.બી.–૫૫૮ જાતે ઉત્તર ભારતના રાજયોમાં કન્ટ્રોલ જાત એમ.એચ.–૧૬૯ કરતાં અનુક્રમે ૧૮ તથા ૫૯ ટકા વધુ દાણાનું અને સુકા ચારાનું ઉત્પાદન આપેલ હતું. તેજ રીતે દક્ષિણ ભારત ઝોનમાં કન્ટ્રોલ જાત 'સબુરી' કરતાં અનુક્રમે ૧૭ તથા ૩૬ ટકા વધુ દાણાનું અને સુકા ચારાનું ઉત્પાદન આપેલ હતું.

***(૨) ગુજરાત હાયબ્રીડ બાજરા–૫૭૭ (જી.એચ.બી.–૫૭૭):–***

કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ વહેલી પાકતી, ડૂંડા લાંબા અને આકર્ષક દેખાવ વાળા તથા દાણા મોટા કદના ધરાવે છે. દાણા અને સુકા ચારાનું વધુ ઉત્પાદન આપતી આ જાતને સમગ્ર ગુજરાત ઉપરાંત અખિલ ભારતીય ધોરણે મધ્ય અને ઉત્તર ભારતના રાજયો (રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી વિ.)માં પણ ખરીફ ઋતમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૭ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૧૯૯૯ થી ૨૦૦૨ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૨૩૫, એમ.એચ.–૧૬૯, આઈ.સી.એમ.એચ.–૩૫૬ અને પી.બી.–૧૦૬ (પ્રાઈવેટ જાત) કરતાં અનુક્રમે ૨૩, ૩૫, ૩૮ અને ૧૯ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે. દુષ્કાળની પરિસ્થિતિમાં તેમજ ઓછા વરસાદ વાળા વિસ્તાર માટે ખાસ અનુકૂળતા ધરાવે છે.

***(૩) ગુજરાત હાઈબ્રીડ બાજરા–૫૩૮ (જી.એચ.બી.–૫૩૮) :–***

વહેલી પાકતી, કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, ડૂંડા મધ્યમ લાંબા અને આકર્ષક દેખાવ વાળા તથા દાણા મધ્યમ મોટા કદના ધરાવે છે. આ જાત સમગ્ર ગુજરાત ઉપરાંત અખીલ ભારતીય ધોરણે રાજસ્થાન, હરીયાણા અને ગુજરાતમાં ખરીફ ઋતુનાં વાવેતર માટે ૨૦૦૪થી ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૧ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૨૦૦૧ થી ૨૦૦૩ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો એમ.એચ.–૧૬૯ અને આઈ.સી.એમ.એચ.–૩૫૬ કરતાં અનુક્રમે ૨૭ અને ૨૪ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે. દુષ્કાળની પરિસ્થિતિમાં તેમજ ઓછા વરસાદ વાળા વિસ્તાર માટે ખાસ અનુકૂળતા ધરાવે છે. આ જાત સને ૨૦૦૭ના વર્ષમાં સેમી–રબી તેમજ ઉનાળુ ઋતુ માટે ગુજરાત રાજય માટે વહેલી પાકતી સંકર જાત તરીકે બહાર પાડવામાં આવેલ છે.

***(૪) ગુજરાત હાયબ્રીડ બાજરા–૭૧૯ (જી.એચ.બી.–૭૧૯):–***

કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, વહેલી પાકતી, ડૂંડા મધ્યમ લાંબા, મુચ્છો વાળા અને આકર્ષક દેખાવ વાળા તથા દાણા મોટા કદના ધરાવે છે. આ જાત સમગ્ર ગુજરાત ઉપરાંત અખિલ ભારતિય ધોરણે રાજસ્થાન, હરિયાણા અને ગુજરાતમાં પણ ખરીફ ઋતુમાં વાવેતર માટે વર્ષ ૨૦૦૭થી ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૨ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૨૦૦૩ થી ૨૦૦૭ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૫૩૮ અને એમ. એચ ૧૬૯ કરતાં અનુક્રમે ૬ અને ૩૮ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે. દુષ્કાળની પરિસ્થિતિમાં તેમજ ઓછા વરસાદ વાળા વિસ્તાર માટે ખાસ અનુકૂળતા ધરાવે છે. આ જાત ડૂંડા પર મુચ્છો ધરાવતી હોય ને પક્ષીઓથી નુકશાન ખૂબજ ઓછુ થાય છે.

***(૫) ગુજરાત હાયબ્રીડ બાજરા–૭૩૨ (જી.એચ.બી.–૭૩૨):–***

દાણા અને સુકા ચારાનું વધુ ઉત્પાદન આપતી, મધ્યમ મોડી પાકતી, કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, દાણાનો આકર્ષક રંગ તેમજ દાણા મધ્યમ મોટા કદના ધરાવતી આ જાત ખરીફ વાવેતર માટે સને ૨૦૦૭માં બહાર પાડવામાં આવેલ છે. ડૂંડા મધ્યમ જાડા અને આકર્ષક દેખાવવાળા, સ્વાદિષ્ટ રોટલો અને ઉત્તમ પ્રકારનો ચારો આપતી આ જાત ગુજરાત ઉપરાંત અખિલ ભારતીય ધોરણે ભારતના બાજરો ઉગાડતા મધ્ય અને ઉત્તર ભારતના રાજયો (રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી વિ.)માં પણ ખરીફ ઋતુમાં વાવેતર માટે ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૯ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૫૫૮, એમ.એચ.–૧૬૯ અને પી.બી.–૧૦૬ (પ્રાઈવેટ જાત) કરતાં અનુક્રમે ૧૧,૫૨ અને ૩૪ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે.

***(૬) ગુજરાત હાયબ્રીડ બાજરા–૭૪૪ (જી.એચ.બી.–૭૪૪):–***

કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી, મધ્યમ વહેલી પાકતી, ડૂંડા ઘટ અને આકર્ષક દેખાવ વાળા તથા દાણા મોટા કદના ધરાવતી, આ જાતને સમગ્ર ગુજરાત ઉપરાંત અખિલ ભારતીય ધોરણે મધ્ય અને ઉત્તર ભારતના રાજયો (રાજસ્થાન, હરિયાણા, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, દિલ્હી વિ.)માં ખરીફ ઋતુના મધ્યમ સમયમાં પાકતી જાત તરીકે વાવેતર માટે વર્ષ ૨૦૦૭થી ભલામણ કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં જુદા જુદા ૧૮ કેન્દ્રો પર ખરીફ ઋતુમાં સને ૨૦૦૪ થી ૨૦૦૭ સુધી ચકાસણી કરતાં, આ જાતે કન્ટ્રોલ જાતો જી.એચ.બી. ૫૭૭ અને એમ. એચ ૧૬૯ કરતાં અનુક્રમે ૧૯ અને ૫૧ ટકા દાણાનું ઉત્પાદન વધુ આપેલ છે.

**બાજરીની વૈજ્ઞાનિક ખેતી અંગેના મહત્વના મુદ્દાઓ :**

**(૧) જમીનઃ** બાજરી હલકી જમીનમાં લેવાતો પાક છે. પરંતુ તેને રેતાળ, ગોરાડુ, મધ્યકાળી કે સારા નિતારવાળી ગોરાડુ જમીન વધારે માફક આવે છે.

**(૨) વાતાવરણઃ** બીજા ધાન્ય પાકોની સરખામણીમાં બાજરાનો પાક ખૂબજ વિવિધતા ધરાવતા વાતાવરણમાં લઈ શકાય છે. ગુજરાતમાં ડાંગ અને વલસાડ જીલ્લા સીવાયના બધાજ જીલ્લાઓમાં બાજરાનું થોડુ અથવા વધારે વિસ્તારમાં વાવેતર કરવામાં આવે છે. રાજયમાં બાજરાનું વાવતેર ખરીફ, ઉનાળુ અને પુર્વ શિયાળુ એમ ત્રણેય ઋતુમાં થાય છે. ખરીફ ઋતુમાં તેની વૃધ્ધિ દરમ્યાન મધ્યમ તાપમાનની જરૂરીયાત રહે છે. ફુલ આવવાના સમયે વધુ વરસાદની પરિસ્થિતિ હોય તો પરાગનયન અને ફલીનીકરણની પ્રક્રિયા પર વિપરીત અસર થાય છે. જેને કારણે દાણા ઓછા બેસે છે.

**(૩) જમીનની તૈયારી :** જમીન તૈયાર કરવા માટે બે ખેડ હળની કરી, બે થી ત્રણ વખત દાંતી–રાપ ચલાવી, જમીનને સમતલ અને ભરભરી બનાવી અને આગળના પાકનાં જડીયા–મૂળિયા વીણીને દૂર કરવા. આ તૈયાર કરેલ જમીનમાં ૪૫ સે.મી. અથવા ૬૦ સે.મી.ના અંતરે ચાસ ઉઘાડવા. જમીન તૈયાર કરતી વખતે હેકટરે ૨૫ ગાડા જુનું ગળત્યુ છાણિયું ખાતર જમીનમાં નાંખવું. જેથી જમીનની ફળદ્રુપતા વધવાની સાથેસાથે ભેજસંગ્રહ શકિત વધવાથી ઉત્પાદનમાં વધારો થાય છે.

**(૪) યોગ્ય જાતની પસંદગી :** બાજરામાં વધુ ઉત્પાદન આપતી, કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી અને ઋતુને અનુરૂપ સંકર જાતની પસંદગી એ ઉત્પાદનનું અગત્યનું પાસુ છે. જામનગર ખાતેના બાજરા સંશોધન કેન્દ્ર દ્વારા બાજરીના પાકમાં સતત ચાલતા ઘનિષ્ઠ સંશોધનના પરિણામે બાજરીની દાણા અને સૂકા ચારાનું વધુ ઉત્પાદન આપતી અને કુતુલ રોગ સામે પ્રતિકારક શકિત ધરાવતી તેમજ ખરીફ અને ઉનાળુ ઋતુમાં અનુકૂળ આવે તેવી નવી સંકર જાતોની વાવેતર માટે યોગ્ય પસંદગી કરવી. આ જાતોની વધુ માહિતી કોઠામાં દર્શાવેલ છે.

**(૫) બીજ માવજત :** પ્રમાણિત બીજને દવાનો પટ આપેલો હોય છે. જેથી દવાનો પટ આપવાની જરૂર નથી. પરંતુ બાજરીના ૪ કિલોગ્રામ બીજ દીઠ ૨૦૦ ગ્રામ એઝોટોબેકટર (એબીએ–૧) અથવા એઝોસ્પાઈરીલમ (એએસએ–૧ જેમાં પ્રતિ ગ્રામ દીઠ $10^{8}$ જીવંત કોષો હોય) વડે બીજ માવજત આપવાથી, ભલામણ કરેલ નાઈટ્રોજનયુકત ખાતરનો અડધો જથ્થો (૪૦ કિ/હે) બચાવી શકાય છે.

**(૬) વાવેતર માટેનો યોગ્ય સમય** : ચોમાસામાં વાવણી લાયક વરસાદ થયેથી તુરંત જ વાવેતર કરવું. સમયસરનું વહેલું વાવેતર વધુ ઉત્પાદન આપે છે અને પાકમાં રોગ–જીવાતનો ઉપદ્રવ ઓછો રહે છે. તેમજ બાજરી પછીનો પાક લેવા માટે જમીન સમયસર ખાલી કરી શકાય છે. જો વાવણી લાયક વરસાદ ૧૫ જુલાઈ પછી થાય તો વહેલી પાકતી જાત ગુ. હા. બાજરા–૫૩૮ની પસંદગી કરવી.

**(૭) બીજનો દર** : બાજરીનું વાવતેર હેકટર દીઠ ૪.૦ કિલોગ્રામ મુજબ બીજનો દર રાખી કરવું.

**(૮) વાવેતર અંતર** : બાજરી પાકનું વધુ ઉત્પાદન પ્રાપ્ત કરવા માટે હેકટર દીઠ ૧.૫૦ થી ૧.૭૫ લાખ તંદુરસ્ત છોડની સંખ્યા જાળવવી જરુરી છે. આ માટે ચોમાસામાં બે હાર વચ્ચે ૪૫ થી ૬૦ સે.મી. અને બે છોડ વચ્ચે ૧૨ થી ૧૫ સે.મી. અંતરે પારવણી કરી જાળવવું.

**(૯) વાવતેર પધ્ધતિ** : બાજરીના બીજનું વાવેતર સામાન્ય રીતે દંતાળથી કરવામાં આવે છે. બીજનું વાવેતર ચાસમાં ૪ સે.મી.ની ઉંડાઈએ કરવું, જેથી બીજનો ઉગાવો પૂરતો અને ઝડપી થાય છે.

**(૧૦) રાસાયણિક ખાતર** : ચોમાસુ બાજરીના પાકને ૮૦ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૪૦ કિલોગ્રામ ફોસ્ફરસ પ્રતિ હેકટરે આપવાની ભલામણ છે. જેમાંથી ૪૦ કિલોગ્રામ નાઈટ્રોજન અને ૪૦ કિલોગ્રામ ફોસ્ફરસ (૮૭ કિલોગ્રામ ડી.એ.પી. અને ૫૩ કિલોગ્રામ યુરીયા અથવા ૨૦૦ કિલોગ્રામ નર્મદાફોસ ) વાવેતર અગાઉ ચાસમાં દંતાળથી પાયાના ખાતર તરીકે આપવા. બાકીનો ૪૦ કિલોગ્રામ નાઈટ્રોજન (૮૭ કિલોગ્રામ યુરીયા) પાકમાં પારવણી અને નિંદામણ થઈ ગયાબાદ પાક એક માસનો થાય ત્યારે પૂર્તિ ખાતર તરીકે આપવું. પૂર્તિ ખાતર જમીનમાં પૂરતો ભેજ હોય ત્યારે જ દંતાળથી હારથી ૨૦–૨૫ સે.મી. દૂર અને ૭ થી ૮ સે.મી. ઉંડાઈએ આપવા.

**(૧૧) પારવણી, નિંદામણ અને આંતરખેડ** : બાજરીનો પાક ૧૨ થી ૧૫ દિવસનો થાય ત્યારે હાથથી નિંદણ અને સાથોસાથ ચાસમાં બે છોડ વચ્ચે ૧૨ થી ૧૫ સે.મી. અંતર જળવાઈ રહે તેવી રીતે છોડની પારવણી કરવી.પારવેલ છોડનો ઉપયોગ ખાલા પુરાવામાં કરવો હિતાવહ છે. ચોમાસામાં આ કામગીરી વરસાદ પછી તરત જ કરવાથી ખાલામાં રોપાણ કરેલ છોડનો ઉગાવો સારો થાય છે. આમ ખાલા પૂરવાથી એકમ વિસ્તારમાં પૂરતા અને સપ્રમાણ છોડની સંખ્યા જળવાઈ રહે છે. બાજરીના પાકમાં નિંદામણના નિયંત્રણ માટે અને જમીનની ભૌતિક પરિસ્થિતિ સારી રહે તે માટે સમયસર આંતરખેડ કરવી ખાસ જરુરી હોય છે. પાક ઉગ્યા બાદ દશેક દિવસથી પાક નિંઘલમાં આવે ત્યાં સુધીમાં જરુર મુજબ બે થી ત્રણ આંતરખેડ કરવી.જરુર જણાય તો ફરી નિંદામણ કરી પાકને ૪૫ દિવસ સુધી નિંદામણ રહિત રાખવાથી બાજરી પાકનું વધુ ઉત્પાદન મેળવી શકાય છે.

**(૧૨) પિયત** : ચોમાસામાં બાજરી મુખ્યત્વે વરસાદ આધારીત પાક છે. તેથી પિયતની ભલામણ કરવામાં આવતી નથી. પરંતુ વરસાદની ખેંચ જણાય તો એક યા બે જરુર મુજબ પિયત આપી, પાકનું વધુ ઉત્પાદન મેળવી શકાય છે.

**(૧૩) *પાક સંરક્ષણ*** : સામાન્ય રીતે બાજરી પાકમાં ખાસ કોઈ વધુ પડતા રોગ–જીવાતનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ મહત્તમ ઉત્પાદન લેવા માટે જરુર જણાય તો નીચે પ્રમાણે પગલાં લેવા.

**રોગ** :

**(૧)કુતુલ:** કુતુલ પ્રતિકારક જાતોનો વાવેતર માટે ઉપયોગ કરવો. બીજને એપ્રોન ૩૫ એસ.ડી. ૬ ગ્રામ/ કિગ્રા અથવા રીડોમીલ ૮ ગ્રામ/કિગ્રા. દવાનો પટ આપી વાવેતર કરવું.

**(૨) અંગારિયો ( સ્મટ):** આ રોગ માટે ખાસ કોઈ અસરકારક પગલાં નથી. રોગના નિયંત્રણ માટે વહેલું વાવેતર કરવું જોઈએ.

**(૩)ગુંદરીયો (અરગટ)** : રોગનાં નિયંત્રણ માટે વાવેતરનું બિયારણ સ્વચ્છ એટલે કે અરગટની પેશીઓથી મુકત હોવું જોઈએ. જો બિયારણમાં અરગટની પેશીઓ રહેલી હોય તો બિયારણને ૨૦ ટકા મીઠાનાં દ્રાવણમાં બોળી, પાણીથી ધોઈ,સુકવ્યા બાદ કુતુલ રોગમાં દર્શાવ્યા મુજબ બીજને પટ આપી વાવેતરનાં ઉપયોગમાં લેવું.

**(૪)ગેરું** : બાજરામાં આવતાં ગેરુંના અસરકારક નિયંત્રણ માટે ૦.૨ ટકા મેન્કોઝેબ અથવા ૦.૨ ટકા ઝાયનેબનાં બે છંટકાવ કરવાથી રોગની શરુઆતથી ૧૫ દિવસનાં અંતરે ભલામણ કરવામાં આવે છે. બાજરીના પાકનું વહેલું વાવેતર કરવાથી ઉપરોકત રોગોનો ઉપદ્રવ મહદ અંશે ઘટે છે.

**કિટક** :

૧) બાજરીના પાકની શરૂઆતની અવસ્થાએ સાંઠાની માખી કે ગાભમારાની ઈયળનો ઉપદ્રવ જણાય તો, ઉગાવા બાદ ૧૫ દિવસે અને જરુર જણાય તો ફરી ૧૫ દિવસે એન્ડોસલ્ફાન ૦.૦૭ ટકા અથવા કવીનાલફોસ ૦.૦૫ ટકા ૧૦ લીટર પાણીમાં ૨૦ મી.લી. અથવા ટ્રાઈઝોફોસ ૦.૦૪ ટકા ૧૦ લીટર પાણીમાં ૧૦ મી.લી. હેકટરે ૬૦૦ લીટરના દરે પ્રવાહી છંટકાવ કરવો. અથવા બાજરીના ઉગાવા બાદ ૧૫ દિવસે મીથાઈલ પેરેથીઓન ૨ ટકા ભુકી અથવા મેલેથીઓન ૫ ટકા ભુકી ૨૫ કિ.ગ્રા. પ્રતિ હેકટર પ્રમાણે એક છંટકાવ કરવો.

૨) બિયારણનો દર વધુ રાખી, એટલે કે ૫.૦ કિ.ગ્રા. પ્રતિ હેકટરે રાખી, પારવણી વખતે ''ડેડહાર્ટ''વાળા છોડ દુર કરવાથી નિયંત્રણ સારું મળે છે.

૩) નિમાર્કઃ– વનસ્પતિ જન્ય કિટનાશક ૩૦ મી.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવી બાજરીના ઉગાવા બાદ ૧૦,૨૦ તથા ૩૦ દિવસે એમ ત્રણ છંટકાવ કરવાથી સાંઠાની માખીનું અસરકારક નિયંત્રણ થાય છે.

૪) નિમ ઓઈલ : લીંબોળીનું તેલ : ૦.૦૫ ટકા અને સાબુ ૪ ગ્રામ પ્રતિ એક લીટર પાણી સાથે બાજરાના ઉગાવા બાદ ૧૦ તથા ૨૦ દિવસે બે છંટકાવની સાંઠાની માખીના નિયંત્રણ માટે ભલામણ છે.

**(૧૪) કાપણી અને ખળુ :** પાક જયારે ૭૫ થી ૮૫ દિવસે તૈયાર થયે સમયસર કાપણી કરી લેવી. ડૂંડાને દબાવતાં જો દાણા છુટા પડે તો સમજવું કે બાજરી કાપણી લાયક થઈ ગયેલ છે. બાજરીનાં ડૂંડાને લણીને ખળામાં પાથરી સૂર્યપ્રકાશમાં બરાબર તપાવવા અને ત્યારબાદ થ્રેસરમાં નાખી થ્રેસીંગ કરવું. દાણાને સાફ કરી પૂરતા સૂકવી વધારાનો ભેજ નીકળી ગયા બાદ યોગ્ય જગ્યાએ સંગ્રહ કરવો.

**કોઠા –૧ : ગુજરાત રાજય માટે ભલામણ કરાયેલ ચોમાસુ બાજરીની વિવિધ સંકર જાતોના ગુણધર્મો**

| અ.ન. | વિગત | | જી. એચ. બી.– ૫૫૮ | જી. એચ. બી.– ૫૭૭ | જી. એચ. બી.– ૫૩૮ | જી. એચ. બી.– ૭૧૯ | જી. એચ. બી.– ૭૩૨ | જી. એચ. બી.– ૭૪૪ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | માતા–પિતા | | ૯૪૫૫૫એ × જે–૨૨૯૦ | જે. એમ. એસ. એ. –૧૦૧ × જે–૨૪૦૫ | ૯૫૪૪૪ એ × જે–૨૩૪૦ | ૯૫૨૨૨ એ × જે–૨૪૫૪ | ૯૬૨૨૨ એ × જે–૨૩૪૦ | ૯૮૪૪૪ એ × જે–૨૩૪૦ |
| ૨ | બહાર પાડયાનું વષ | | ૨૦૦૨ | ૨૦૦૩ | ૨૦૦૪ | ૨૦૦૬ | ૨૦૦૭ | ૨૦૦૭ |
| ૩ | વાવેતર માટે ભલામણ કરેલ વિસ્તાર | | સમગ્ર ભારત | ગુજરાત સહિત મધ્ય અને ઉત્તર ભારત | ગુજરાત, રાજસ્થાન અને હરીયાણા | ગુજરાત, રાજસ્થાન અને હરીયાણા | ગુજરાત સહિત મધ્ય અને ઉત્તર ભારત | ગુજરાત સહિત મધ્ય અને ઉત્તર ભારત |
| ૪ | વાવેતર માટે ભલામણ કરેલ ઋતુ | | ચોમાસુ અને ઉનાળુ | ચોમાસુ | ચોમાસુ, ઉનાળુ અને પૂવ – શિયાળુ | ચોમાસુ | ચોમાસુ | ચોમાસુ |
| ૫ | છોડની ઉચાઈ (સે.મી.) | | ૨૦૦–૨૧૦ | ૧૯૦–૨૦૦ | ૧૫૫–૧૬૫ | ૧૫૫–૧૬૫ | ૧૯૦–૧૯૫ | ૧૮૦–૧૯૦ |
| ૬ | ૫૦ ટકા ફુલ આવવાના દિવસો | | ૪૯–૫૩ | ૪૬–૫૦ | ૪૦–૪૫ | ૪૩–૪૭ | ૫૨–૫૫ | ૪૯–૫૩ |
| ૭ | પાકવાના દિવસો | | ૭૫–૮૦ | ૭૩–૭૭ | ૬૭–૭૨ | ૭૦–૭૪ | ૮૦–૮૫ | ૭૬–૮૦ |
| ૮ | ફૂટની સંખ્યા | | ૩–૫ | ૩–૫ | ૪–૬ | ૪–૬ | ૩–૪ | ૩–૪ |
| ૯ | ડૂંડાની લંબાઈ (સે.મી.) | | ૨૨–૨૭ | ૨૯–૩૨ | ૨૦–૨૫ | ૨૦–૨૫ | ૨૩–૨૫ | ૨૨–૨૫ |
| ૧૦ | ડૂંડાનો ઘેરાવો (સે.મી.) | | ૧૧–૧૩ | ૯–૧૧ | ૬–૮ | ૯–૧૧ | ૧૦–૧૨ | ૧૦–૧૨ |
| ૧૧ | ડૂંડાનો આકાર | | શંકુ | નળાકાર | નળાકાર | શંકુ | ભાલાકાર | શંકુ |
| ૧૨ | ડૂંડા ઉપર મૂછ | | નથી | નથી | નથી | મૂછ છે. | નથી | નથી |
| ૧૩ | દાણાનું કદ | | મોટા | મોટા | મધ્યમ મોટા | મોટા | મધ્યમ મોટા | મોટા |
| ૧૪ | દાણાનું ઉત્પાદન (કી. ગ્રા./ હે.) | ચોમાસુ | ૩૦૭૭ | ૩૨૫૬ | ૨૭૮૬ | ૨૪૩૪ | ૩૦૦૨ | ૨૮૫૭ |
| | | ઉનાળુ | ૪૬૧૧ | – | ૫૦૦૩ | – | – | – |
| ૧૫ | સુકાચારાનું ઉત્પાદન (કી. ગ્રા./ હે.) | ચોમાસુ | ૮૫૫૦ | ૬૨૦૯ | ૫૩૩૯ | ૪૮૦૦ | ૬૧૦૦ | ૫૪૦૦ |
| | | ઉનાળુ | ૯૯૦૦ | – | ૮૦૨૭ | – | – | – |

ØØØØØØØ